

પથ્થરની ગુફાઓમાંથી વહેતું કુદરતી ઝરણું નયનરમ્ય નજારો અને ભક્તિનો અનોખો સંગમ

# શ્રદ્ધા અને પ્રકૃતિનો અદ્ભૂત સંગમ



## ચોસાલાનું કેદારનાથ મંદિર શ્રાવણમાં ખીલ્યુંઃ વરસાદી સૌંદર્ય

દાહોદ જિલ્લામાં વહેલી સવારથી ધોધમાર વરસાદે ચોમાસાની રંગત જમાવી છે. આ વરસાદી માહોલમાં દાહોદ નજીકના ચોસાલા ગામે આવેલું પૌરાણિક કેદારનાથ મહાદેવ મંદિર કુદરતી સૌંદર્યથી ખીલી ઉઠ્યું છે. શ્રાવણ માસના પહેલા સોમવારે ભગવાન મહાદેવના દર્શન માટે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડી હતી, જ્યાં પથ્થરની ગુફાઓમાંથી વહેતું કુદરતી ઝરણું નયનરમ્ય નજારો રચી રહ્યું છે. આ મંદિર પ્રકૃતિના ખોળે આવેલું છે અને ચોમાસામાં પથ્થરોમાંથી નીકળતું ઝરણું તેની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. શ્રાવણના પવિત્ર માસમાં ભગવાન શિવની પૂજા-અર્ચનાનું વિશેષ મહત્વ છે, અને આ મંદિરની ગુફાઓમાં સ્થિત શિવલિંગ ભક્તોને આધ્યાત્મિક શાંતિ પ્રદાન કરે છે. ચોમાસાના વરસાદે આસપાસના ડુંગરો અને જંગલોને લીલુંછમ બનાવ્યા છે, જે આ સ્થળની શોભા વધારે છે. ચોસાલાનું કેદારનાથ મંદિર ઐતિહાસિક અને ધાર્મિક રીતે પણ અનન્ય મહત્વ ધરાવે છે. એવું માનવામાં આવે છે કે આ સ્થળ પ્રાચીન કાળથી શિવ ઉપાસનાનું કેન્દ્ર રહ્યું છે. શ્રદ્ધાળુઓ અહીં ભગવાન શિવના દર્શનની સાથે પ્રકૃતિના સૌંદર્યનો આનંદ માણી રહ્યા છે. ખાસ કરીને શ્રાવણના સોમવારે, ભજન-કીર્તન અને પૂજાનો માહોલ આ સ્થળને ભક્તિમય બનાવે છે. આ મંદિર દાહોદથી થોડે દૂર હોવાથી, શહેરના ધમાલથી દૂર શાંત વાતાવરણમાં દર્શનનો લાભ લેવા માટે લોકો મોટી સંખ્યામાં પહોંચે છે. પ્રવાસીઓ માટે પણ આ સ્થળ આકર્ષણનું કેન્દ્ર છે, કારણ કે ધાર્મિક મહત્વની સાથે અહીંનો નૈસર્ગિક નજારો પણ મન મોહી લે છે. દાહોદ જિલ્લાનું આ પવિત્ર સ્થળ શ્રદ્ધા અને પ્રકૃતિના સંગમનું અદ્ભુત ઉદાહરણ છે.



**દાહોદ નજીક આવેલ કાળી ડેમ, બાવકા શિવ મંદિર, શિવઝરી વિગેરે જેવા ધાર્મિક સ્થળોએ શ્રાવણ માસના મેળાઓ ભરાય છે.આ મેળામાં મોટી સંખ્યામાં દાહોદ શહેરવાસીઓ તેમજ આસપાસના ગ્રામીણ વિસ્તારના લોકો મેળામાં આનંદ પણ માણે છે**



## વડોદરાના ઐતિહાસિક કાશી વિશ્વનાથ મંદિરનો જાણો ઈતિહાસ...

*શ્રાવણ માસના પવિત્ર તહેવારમાં જ્યારે વાતાવરણ આખું 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજતું હોય, ત્યારે વડોદરાના મધ્યમાં વસેલું કાશી વિશ્વનાથ મંદિર વડોદરાવાસીઓના ભક્તિભાવથી ઝળહળી રહ્યું છે. અહીં ન માત્ર ભક્તો શિવની ભક્તિમાં લીન થાય છે, પણ અહીંનો ઈતિહાસ પણ એટલો જ જીવંત છે - જ્યાં શ્રદ્ધા, સંત પરંપરા અને રાજશાહી યોગનો અનોખો મિલાપ છે. વિશ્વામિત્રી નદીના કિનારે વસેલું વડોદરા શહેર, ગાયકવાડી યુગના ભવ્ય વારસાનું સાક્ષી છે. 18મી સદીના મધ્યભાગથી 1947 સુધી અહીં ગાયકવાડ રાજવંશનું શાસન રહ્યું હતું. તેમના સમયમાં શહેર માત્ર શૈક્ષણિક અને સાંસ્કૃતિક કેન્દ્ર બન્યું નહોતું, પણ આધ્યાત્મિક ઊંચાઈઓ પણ પ્રાપ્ત કરી હતી. સર સયાજીરાવ ગાયકવાડ, જેઓ ગુજરાતના વિકાસની પાયાના શિલ્પી ગણાય છે, તેમના સમયમાં અનેક વિદ્વાનો અને સાધુઓ વડોદરાની ધરતી પર આવી સતત જ્ઞાન અને ભક્તિનો ધ્વજ લહેરાવતા રહ્યા.*

### લગભગ 130 વર્ષ પહેલાં....



*આજથી લગભગ 130 વર્ષ પહેલાં, ચિદાનંદ સરસ્વતી સ્વામી મહારાજ વડોદરા પધાર્યા. તેઓ ભગવતધર્મથી પ્રેરિત થઈને એક ભવ્ય શિવમંદિર સ્થાપિત કરવાની ભાવના રાખતા. આ અભિલાષા સાથે તેઓએ સર સયાજીરાવ ગાયકવાડના દરબારમાં પણ ઉપસ્થિતિ નોંધાવી. તે સમયે જ્યાં આજે કાશી વિશ્વનાથ મંદિર આવેલું છે, તે જગ્યા એક ખાલી મેદાન હતું. સ્વામીજીએ ત્યાં સૌપ્રથમ ભગવાન ગણપતિનું મંદિર બાંધ્યું હતું કારણ કે ભારતના સંસ્કારમાં દરેક શુભ કાર્ય પહેલા વિઘ્નહર્તાનું સ્મરણ અનિવાર્ય ગણાય છે. પછી, તેઓ નર્મદા નદીની યાત્રાએ નીકળી પડ્યા. ત્યાં તેમને એક અજોડ શિવલિંગ પ્રાપ્ત થયું, એ જ શિવલિંગ વડોદરાની ધરતી પર લાવીને તેમણે મંદિરમાં સ્થાપન કર્યું અને ગણેશ મંદિરની નજીક એક શિવમંદિરની સ્થાપના કરી જે આજે "કાશી વિશ્વનાથ મંદિર" તરીકે જાણીતું છે. મંદિરનું બાંધકામ લગભગ 130 વર્ષ પહેલાં થયું હતું. પણ તેનું પુનર્નિર્માણ 1989માં આરંભી, 2000 સુધી પૂર્ણ કરવામાં આવ્યું. આજે અહીં માત્ર કાશી વિશ્વનાથ મંદિર નથી, પણ પૂરા મંદિર સંકુલમાં ગણેશ મંદિર, સોમનાથ મંદિર, હનુમાન મંદિર અને ચિદાનંદ સ્વામીજીની સમાધિ પણ સ્થિત છે. આગળ ચાલીને અહીં ગૌશાળાનું પણ નિર્માણ થયું, જ્યાં આરંભે 2-3 ગાયો હતી, આજે તે સંખ્યા 20 થી વધુ છે. કાશી વિશ્વનાથ મંદિરનો મુખ્ય પ્રવેશદ્વાર આકર્ષક નકશીકામથી શોભિત છે. અંદર પ્રવેશતા જ કાળા પથ્થરમાં ઊંડા શિલ્પમાં ઊતારેલી નંદી અને કાચબાની પ્રતિમાઓ ધ્યાન ખેંચે છે. બંને બાજુએ ચિદાનંદ સ્વામી અને વલ્લભરાવ સ્વામીજીની મૂર્તિઓ સ્થાપિત છે. મંદિરના દરેક સ્તંભ, દિવાલો પર દેવદેવીઓના અદ્વિતીય શિલ્પો જોવા મળે છે, જે ભક્તિ સાથે કળાનો સમન્વય છે.શ્રાવણ માસના દરેક શનિવાર અને સોમવારને પાવન અવસરે અહીં ભક્તોનો ઘસારો રહે છે. ભક્તિ, ભજન, આરતી અને શિવપથનાં મંત્રોથી આખું વાતાવરણ શિવમય બની જાય છે. મહાશિવરાત્રીના દિવસે અહીં વિશાળ મેળો ભરાય છે, જેમાં સહસ્રો ભક્તો દક્ષિણ ગુજરાતથી લઈને અન્ય રાજ્યોમાંથી પણ અહીં દર્શનાર્થે આવે છે. મંદિર ટ્રસ્ટ દ્વારા તીર્થયાત્રીઓ અને સાધુસંતો માટે રહેવા અને ભોજનની વ્યવસ્થા મફતમાં કરવામાં આવે છે. આ સ્થાન ભક્તિની સાથે સાથે સેવા અને સહકારનું પણ ઉત્તમ ઉદાહરણ છે.*



# સેબિક ભારતની ઉત્પાદન મહત્વાકાંક્ષાઓને આપે છે ટેકો







ભારત 2030 સુધીમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા જઈ રહ્યો છે અને તેમાંય ઉત્પાદન ક્ષેત્ર આ વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપે તેવી સંભાવના છે. મેકેન્ઝીના અહેવાલ મુજબ ઈલેક્ટ્રોનિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, સ્પેશિયલ્ટી કેમિકલ્સ અને ઓટોમોટિવ કમ્પોનેન્ટ્સ જેવા ક્ષેત્રોમાં વિકાસના પગલે ભારતના ઉત્પાદનની નિકાસો 2030 સુધીમાં 1 ટ્રિલિયન યુએસ ડોલરે પહોંચે તેવી સંભાવના છે. ભારતમાં સેબિકની આરએન્ડડી હાજરી આ ગતિ સાથે સંલગ્ન છે જે સ્થાનિક સ્તરે પ્રસ્તુત હોય તેવા અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સોલ્યુશન્સ પૂરા પાડે છે. બેંગ્લોરમાં તેના ટેક્નોલોજી સેન્ટર સાથે સેબિક એવા હાઈ-પર્ફોર્મન્સ મટિરિયલ્સ અને ટેક્નોલોજીઓ પૂરી પાડે છે જે મોબિલિટી, હેલ્થકેર, ફૂડ સિક્યોરિટી અને ક્લાઈમેટ-સ્માર્ટ એગ્રીકલ્ચરમાં દેશની પ્રાથમિકતાઓને ટેકો આપતી હોય. ઈવી માટે વધુ સ્માર્ટ મટિરિયલ્સ ભારતનું ઈલેક્ટ્રિક મોબિલિટી સેક્ટર ડીકાર્બોનાઈઝેશન લક્ષ્યાંકો, ઊર્જા સુરક્ષા અને બદલાતી ગ્રાહક પસંદગીઓના પગલે ઝડપથી વેગ પકડી રહ્યું છે. CEEWનો તાજેતરનો અભ્યાસ દર્શાવે છે કે ઈલેક્ટ્રિક ટુ અને થ્રી-વ્હીલર્સ હવે માલિકીની ખૂબ જ નીચી કિંમત પૂરી પાડે છે એટલે કે અનુક્રમે માત્ર રૂ. 1.48 પ્રતિ કિમી અને રૂ. 1.28 પ્રતિ કિમી. આ કિંમત પેટ્રોલથી ચાલતા વાહનોની અનુક્રમે રૂ. 2.46 પ્રતિ કિમી અને રૂ. 3.21 પ્રતિ કિમી કરતાં ઘણી નીચી છે. આ ફાયદો ઈલેક્ટ્રિક મોબિલિટી, ખાસ કરીને ફ્લીટ અને કોમર્શિયલ સેગમેન્ટ્સમાં ઝડપી પરિવર્તન લાવી રહ્યો છે. સેબિક આ પરિવર્તનમાં અગ્રેસર રહી છે જે ટકાઉપણું, પ્રદર્શન અને સુરક્ષા પૂરી પાડે તેવા આધુનિક મટિરિયલ સોલ્યુશન્સ સાથે ઈવી વેલ્યુ ચેઈનને સક્ષમ કરે છે. અહીં કેટલાક મુખ્ય ક્ષેત્રો છે જ્યાં સેબિકની નવીનતાઓ પ્રભાવ પાથરી રહી છે: ઊર્જા કાર્યક્ષમતા માટે હળવા વજનના સંસાધનો સેબિકના હળવા વજનના થર્મોપ્લાસ્ટિક્સ ઈવી બેટરી હાઉસિંગ્સ, બમ્પર્સ, અંડરકેરેજિસ અને સ્ટ્રક્ચરલ કમ્પોનેન્ટ્સમાં મેટલ્સ જેવા ભારેખમ પરંપરાગત મટિરિયલ્સનું સ્થાન લઈ રહ્યા છે. ઉદાહરણ તરીકે STAMAX લોંગ ગ્લાસ ફાઈબર પોલીપ્રોપેલિન મટિરિયલ્સ વાહનનું વજન 40 ટકા સુધી ઘટાડે છે જેનાથી ઊર્જા કાર્યક્ષમતા સીધી જ વધે છે અને રેન્જમાં વધારો થાય છે. ભારતના શહેરી અને ગ્રામીણ બજારોમાં ઈવીને અપનાવવા માટે આ ખૂબ જ મહત્વનું પરિબળ છે. આગ-પ્રતિરોધક અને સુરક્ષિત બેટરી સોલ્યુશન્સ BLUEHERO પહેલ હેઠળ સેબિકે બેટરી થર્મલ રનઅવે સાથે સંકળાયેલા આગના જોખમોને ઘટાડીને ઈવી સુરક્ષા વધારવા માટે ડિઝાઈન કરેલા આગ-પ્રતિરોધક પ્લાસ્ટિક વિકસાવ્યા છે. એસટીસી-બી વૈજ્ઞાનિકોએ વધુ સારી સ્ટેકિંગ સિસ્ટમ્સ સાથે બેટરી પેક ડિઝાઈનની શોધ કરી છે જે થર્મલ મેનેજમેન્ટ અને ક્રેશ સેફ્ટીને ઓપ્ટિમાઈઝ કરે છે. આ સોલ્યુશન્સ ભારતના કડક સુરક્ષા ધારાધોરણો અને વિશ્વસનીય ઈલેક્ટ્રિક વ્હીકલ માટેની ગ્રાહકોની વધી રહેલી માંગ સાથે સ્પષ્ટ રીતે સંલગ્ન છે. ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના પ્રોટોટાઈપ્સ વ્હીકલ એપ્લિકેશન્સ ઉપરાંત એસટીસી-બી ખાતેના સેબિક એન્જિનિયર્સે એડવાન્સ્ડ ફ્લેમ-રેસિસ્ટન્ટ થર્મોપ્લાસ્ટિક્સથી બનેલા કિફાયતી પ્રોટોટાઈપ ચાર્જર્સ પણ બનાવ્યા છે. આ નવીનતમ ચાર્જર્સ વજનમાં હળવા, સુરક્ષિત અને વધુ કિફાયતી છે જે ભારતની વધી રહેલી ઈવી ચાર્જિંગ ઈકોસિસ્ટમ્સ માટે સ્કેલેબલ સોલ્યુશન્સ બનાવે છે. પ્રાદેશિક પ્રભાવ માટે સ્થાનિક સ્તરે આરએન્ડડી સેબિકનું સેબિક ટેક્નોલોજી સેન્ટર ઈન બેંગાલુરુ (એસટીસી-બી) આગામી પેઢીના ઈવી મટિરિયલ્સના સંશોધન તથા વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

**શહેરી અને ગ્રામીણ બજારોમાં ઈવીને અપનાવવા માટે આ ખૂબ જ મહત્વનું પરિબળ**

### ખેડૂતો માટે ખાતરોમાં નવીનતા

કૃષિ ભારતના ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ છે, જે 40 ટકાથી વધુ લોકોને રોજગારી અને દેશના જીડીપીમાં નોંધપાત્ર યોગદાન આપે છે. જોકે, આ ક્ષેત્રમાં પડકારો વધી રહ્યા છે જેમ કે માટીની પોષણક્ષમતામાં થઈ રહેલો ઘટાડો, પોષક તત્વોનો અયોગ્ય ઉપયોગ અને આબોહવા પરિવર્તન પ્રત્યે વધતી જતી સંવેદનશીલતા. આનો સામનો કરવા માટે ભારત તેના વ્યાપક આબોહવા-સ્થિતિસ્થાપક કૃષિ મિશન હેઠળ કુદરતી ખેતી, સ્માર્ટ સિંચાઈ અને પોષક તત્વોના ઉપયોગની કાર્યક્ષમતા જેવી પહેલને આગળ ધપાવી રહ્યો છે.